ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૯.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાની કશ્મીર અંગેની નીતિ ખૂબજ સ્પષ્ટ છે, ભાજપા ૩૭૦ની કલમ અને આર્ટિકલ ૩૫એ ને હટાવીને જ રહેશે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**૧૩૦ કરોડ દેશવાસીઓના સપનાનું ભારત - સશક્ત ભારતના નિર્માણ માટે ભાજપ કટિબધ્ધ છે જ્યારે કોંગ્રેસે દેશને ખોખલા વાયદા-ઠાલા વચનો સમસ્યાઓની વણઝાર જ આપી હતી – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસના ૬૦ વર્ષ સામે શ્રી નરેન્દ્રભાઈના માત્ર ૬૦ મહિનાના શાસનમાં શું તફાવત છે તે દેશની જનતાએ અનુભવ્યું છે. અગાઉ યુ.પી.એ.ની મનમોહન સિંહની મૌન સરકારમાં ફક્ત ભ્રષ્ટાચારનું જ આચરણ હતુ – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**જાતિવાદ, વંશવાદ અને પરિવારવાદનું ઉદ્ભવ સ્થાન એટલે કોંગ્રેસ તેની સામે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની એન.ડી.એ. સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષ ભ્રષ્ટાચાર સામે સીધુ યુધ્ધ છેડીને ભ્રષ્ટાચારમુક્ત ભારતનું ભગિરથ અભિયાન શરૂ કર્યુ છે.**

-----------

**સ્ત્રી સશક્તિકરણની દિશામાં આગળ વધતાં રાષ્ટ્રની પ્રગતિ અને સમૃધ્ધિમાં સમાનરૂપે મહિલાઓને લાભાર્થી અને ભાગીદાર બનાવવાની કટિબધ્ધતા તથા આગામી ૫ વર્ષમાં "વિમેન વર્ક ફોર્સ" વધારવા એક વિસ્તૃત રોડમેપ – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, ભાજપા દ્વારા જાહેર થયેલ સંકલ્પ પત્ર ૨૦૧૯ ભાજપાના આ સંકલ્પપત્ર ભાજપાના "ભારત કે મન કી બાત" કાર્યક્રમ દ્વારા દેશભરમાંથી મળેલા સૂચનો અને પ્રતિભાવોનો સમાવેશ કરીને જનજનની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટેનું સંકલ્પપત્ર છે. ૩જી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ "ભારત કે મન કી બાત મોદીજી કે સાથ" અભિયાનની શરૂઆત રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ તથા ગૃહમંત્રી રાજનાથસિંહની ઉપસ્થિતિમાં થઈ હતી. કુલ ૩૦૦ રથ અને ૭૭૦૦ સૂચન પેટીઓ લઈને દેશના ૪૦૦૦ વિધાનસભા ક્ષેત્રોમાં આ મહાઅભિયાન હાથ ધરાયું હતું અને ૧૧૦ જેટલી વિશિષ્ટ સંવાદ સભાના આયોજન દ્વારા તથા સોશિયલ તથા ડિજિટલ મીડિયાના માધ્યમથી થકી પ્રજાજનોના સૂચનો મેળવ્યા હતા. માનનીય ગૃહમંત્રીશ્રી રાજનાથ સિંહજીની અધ્યક્ષતામાં બાર સન્માનનીય સભ્યોની એક ટીમે આ વિસ્તૃત સંકલપત્ર અને આખરી ઓપ આપ્યો હતો.

ભાજપાનું સંકલપપત્ર એ ખેડુતો, મધ્યમ અને ગરીબ વર્ગની આશા અને અપેક્ષાઓને મૂર્તિમંત કરવા માટેનું નક્કર આયોજન સાથેનું વાસ્તવિક સંકલ્પ પત્ર છે. રાષ્ટ્રવાદ એ અમારી પ્રેરણા છે, અંત્યોદય એ અમારું દર્શન અને સુશાસન અમારો મંત્ર છે આ મૂળમંત્રને સાચા અર્થમાં પ્રતિબિંબિત કરતું આ સંકલપપત્ર "એક ભારત શ્રેષ્ઠ ભારત" માટેનો રોડમેપ છે.

૧૩૦ કરોડ દેશવાસીઓના સપનાનું ભારત - સશક્ત ભારતના નિર્માણ માટે ભાજપ કટિબધ્ધ છે. કોંગ્રેસે દેશને ખોખલા વાયદા-ઠાલા વચનો સમસ્યાઓની વણઝાર જ આપી હતી. છેલ્લા પાંચ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સરકારે કરેલી કામગીરીથી સ્પષ્ટ થયુ છે ત્યારે કોંગ્રેસના ૬૦ વર્ષ સામે શ્રી નરેન્દ્રભાઈના માત્ર ૬૦ મહિનાના શાસનમાં શું તફાવત છે તે દેશની જનતાએ અનુભવ્યું છે. અગાઉ યુ.પી.એ.ની મનમોહન સિંહની મૌન સરકારમાં ફક્ત ભ્રષ્ટાચારનું જ આચરણ હતુ. જાતિવાદ, વંશવાદ અને પરિવારવાદનું ઉદ્ભવ સ્થાન એટલે કોંગ્રેસ. તેની સામે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની એનડીએ સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષ ભ્રષ્ટાચાર સામે સીધુ યુધ્ધ છેડીને ભ્રષ્ટાચારમુક્ત ભારતનું ભગિરથ અભિયાન શરૂ કર્યુ છે. આ ઉપરાંત દેશના પ્રત્યેક નાગરિકોને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી નક્કર પગલાંઓ ભરીને દેશવાસીઓ સમક્ષ ભાજપની સરકારે કટિબધ્ધતા વ્યક્ત કરી છે.

ભાજપા દ્વારા જાહેર કરાયેલા સંકલ્પપત્રમાં ભારતને સમૃધ્ધ બનાવવા તથા લોકતાંત્રીક મુલ્યોને પ્રોત્સાહિત કરવા "વન નેશન વન ડાયરેક્શન"ની નેમ સાથે ગુડ ગવર્નન્સ, ઈ-ગવર્નન્સ અને ટ્રાન્ફોર્મેશનના આધારે માનવ વિકાસ સૂચકાંકને લક્ષ્યમાં રાખીને સંકલ્પપત્રનું ઘડતર કરવામાં આવ્યુ છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




૨૦૩૦ સુધીમાં ભારતને વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવાની પ્રતિબધ્ધતા આ સંકલ્પપત્રમાં વ્યક્ત કરીને ભાજપાની રાષ્ટ્ર પ્રથમની ભાવના ઉજાગર કરવામાં આવી છે. આજે વિશ્વમાં પાણી એક સૌથી વિકટ સમસ્યા છે, જેને લક્ષ્યમાં રાખીને ભારતના ઈતિહાસમાં પ્રથમવાર જળશક્તિ મંત્રાલયની સ્થાપના કરવાની દૂરંદેશીતા અને છુટક કારોબારના વિકાસ માટે રાષ્ટ્રીય છુટક વ્યાપાર નીતિ તૈયાર કરવા ''રાષ્ટ્રીય વ્યાપારી કલ્યાણ બોર્ડ''ની રચના કરવાનું લક્ષ્ય નિર્ધારણ આ સંકલ્પપત્રમાં કરેલ છે.

દેશના તમામ કિસાનોના સશક્તિકરણના ભાગરૂપે પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ અંતર્ગત આર્થિક સહાય સુનિશ્ચિત કરવાની દિશામાં કાર્ય સાથે સાથે મોટા શહેરોની જરૂરીયાતોની પૂર્તતા કરવા અને ખેડુતોના સહકારી સંગઠનોના માધ્યમથી ફળો, શાકભાજી, દૂધ અને મત્સ્ય ઉત્પાદનોની સીધી માર્કેટીંગ કરીને એક સુદ્રઢ પ્રણાલિ સ્થાપિત કરવાનો એક સ્તુત્ય પ્રયાસ સંકલ્પપત્રમાં વ્યકત થાય છે, નાના અને સિમાંત ખેડુતો માટે ''કિસાન ક્રેડિટ કાર્ડ'' અંતર્ગત એક લાખ રૂપિયા સુધીની કૃષિ લોન પાંચ વર્ષ સુધી વિનાવ્યાજે આપવાની જોગવાઈ, ૬૦ વર્ષની આયુ પછી સામાજીક સુરક્ષા સુનિશ્ચિત કરવા નાના અને સિમાંત કિસાનો માટે પેન્શન યોજના સાકાર કરવા સંકલ્પપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભાજપા માટે ભગવાન રામ એ આસ્થાનો વિષય છે, જેને અનુમોદન આપતાં સંવિધાનની મર્યાદામાં રહીને ભવ્ય રામમંદિરના નિર્માણ માટેની કટિબધ્ધતા વ્યક્ત કરી છે. ''દેશ પ્રથમ, દલ બાદ મે ઔર વ્યકિત અંતિમ''ના મૂળમંત્રને ચરિતાર્થ કરવાના ભાગરૂપે કશ્મીરમાં ૩૫એ અને ૩૭૦ની કલમ રદ કરવાની જોગવાઈ, આતંકવાદ વિરૂધ્ધ ઝીરો ટોલરન્સની નીતિ, ''મેઈક ઈન ઈન્ડિયા''ને લક્ષમાં રાખીને સુરક્ષાબળોને આધુનિક ઉપકરણોની સુસજ્જ કરી તેની મારક ક્ષમતા વધારવાનું લક્ષ્ય, પૂર્વોત્તર રાજ્યોમાં અવૈધ ઘુસણખોરી રોકવા નક્કર પગલાં અને દેશની તમામ સીમાઓ સ્માર્ટ ફેન્સીંગથી સુસજ્જ કરવી જેવી બાબતો દેશપ્રેમ અને દેશસુરક્ષા પ્રત્યેની ભાજપાની જવાબદેહી દર્શાવે છે.

અંત્યોદયના છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવાનો નિર્ધાર પરિપૂર્ણ કરવા દેશના પ્રત્યેક જરૂરીયાતમંદોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા મકાન, વધુમાં વધુ ગરીબ ગ્રામિણ પરિવારો માટે એલ.પી.જી. ગેસ કનેક્શન, પ્રત્યેક નાગરિક માટે સ્વચ્છ પીવાના પાણી ઉપલબ્ધતા અને બેંક ખાતાની પ્રતિબધ્ધતા, ૨૦૨૨ સુધીમાં તમામ રેલમાર્ગો બ્રોડગેજમાં રૂપાંતરિત કરવાની નેમ સાથે તમામ રેલમાર્ગોનું વિદ્યુત્તીકરણ તથા દેશભરમાં સ્માર્ટ રેલ્વે સ્ટેશનોનું નિર્માણ અને વાઈફાઈની સુવિધા આપવાની પ્રતિબધ્ધતા દર્શાવાઈ છે.

વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વિમા યોજના અંતર્ગત આયુષ્યમાન ભારત અન્વયે ૧.૫ લાખ સ્વાસ્થ્ય અને કલ્યાણ કેન્દ્રોનું નિર્માણ, ૭૫ જેટલી નવી મેડિકલ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોલેજોની સ્થાપનાનો આરંભ, ગરીબો માટે સ્થાનિક ગુણવત્તાપૂર્વક પ્રાથમિક ચિકિત્સા સેવા સુનિશ્ચિત કરવા સ્વાસ્થ્ય અને કલ્યાણ કેન્દ્રો પર ટેલી મેડીસીન અને નિદાન લેબોરેટરી ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય આ સંકલ્પપત્રમાં નિશ્ચિત કરાયુ છે.

૨૧મી સદી એ એશિયાની સદી છે, જેનું નેતૃત્વ ભારત કરશે તે બાબતને ધ્યાનમાં રાખીને ભારતને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા તરીકે પ્રસ્થાપિત કરી ''ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'' રેંકીંગમાં ભારતની રેન્ક ઉત્તમ બનાવવા, મધ્યમ અને લઘુ ઉદ્યોગો માટે સિંગલ વિન્ડો સીસ્ટમ અને સમાધાન પ્રણાલિ તૈયાર કરવાની દિશામાં મક્કમ પગલાંઓ ભરવાનો નિર્ધાર સંકલ્પપત્રમાં છે.

સ્ત્રી સશક્તિકરણની દિશામાં આગળ વધતાં રાષ્ટ્રની પ્રગતિ અને સમૃધ્ધિમાં સમાનરૂપે લાભાર્થી અને ભાગીદાર બનાવવાની કટિબધ્ધતા તથા આગામી ૫ વર્ષમાં ''વિમેન વર્ક ફોર્સ'' વધારવા એક વિસ્તૃત રોડમેપ અને મહિલાઓ માટે રોજગાર સર્જન હેતુ વસ્ત્રો, ચર્મ, કાગળ, લાકડું, રબર, ફર્નિચર વગેરે જેવા ઉદ્યોગએકમો કે જેમાં મહિલાઓની વર્કફોર્સમાં ઓછામાં ઓછી ૫૦ ટકા ભાગીદારી હોય તેમાં સરકારી ખરીદી ૧૦ ટકા સુનિશ્ચિત કરવા માટે તથા ત્રણ તલાક વિરૂધ્ધ કાયદો બનાવીને મુસ્લીમ મહિલાઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની દિશામાં પહેલ પર સંકલ્પપત્રમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા ઉદ્યોગ સાહસિકોને ૫૦ લાખ સુધીની લોન ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ, જેમાં મહિલા ઉદ્યોગ સાહસીકોની લોનની ૫૦ ટકા રકમ અને પુરૂષ ઉદ્યોગ સાહસીકોની લોનની ૨૫ ટકા રકમની સરકાર દ્વારા ગેરંટી દ્વારા યુવાઓને સ્વરોજગારી અને પગભર બનાવવાની દિશામાં હકારાત્મક પહેલ કરવામાં આવી છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૦૯.૦૪.૨૦૧૯

-----------

**વિદેશથી ઈમ્પોર્ટ થયેલા નેતાઓ આજે ગુજરાતના પનોતા પુત્ર અને જેની રગ રગમાં રાષ્ટ્રવાદ છે એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રશ્નો પૂછવા નીકળ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**છેવાડાના ગામ સુધી રોડ કનેક્ટિવિટી ભાજપાની સરકારે પહોંચાડી છે.**
**આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે ૭૨ હજાર કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**"સૌના સાથ સૌના વિકાસ"ના ભાવ સાથે દેશનો પ્રત્યેક નાગરિક વિકાસરૂપી બુલેટ ટ્રેનમાં સવાર થઈ ચૂક્યો છે.**
**કોંગ્રેસના જુઠ્ઠાણાંની હવે જનતા પર કોઈ અસર થવાની નથી – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જેમ અર્જુનના સારથી ભગવાન શ્રીકૃષ્ણ હતા એમ આજે "માં ભારતી"ના સારથી શ્રી નરેન્દ્રભાઈ મોદી છે, "માં ભારતી"ની સુરક્ષા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી મોતને હાથમાં લઈને આતંકવાદીઓને પડકારીને તેમનો સફાયો કરી રહ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**સામાજિક સમરસતાવાળુ ભારત બનાવવા, વૈભવશાળી ભારત બનાવવા, સુરક્ષિત અને સલામત ભારત બનાવવા, નવી પેઢીના સપનાનું ભારત બનાવવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુનઃ દેશનું સુકાન સોંપવું અનિવાર્ય છે.**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ આજરોજ વલસાડ લોકસભા બેઠક પર આવતી પારડી વિધાનસભાના સુખેસ ગામે આયોજિત જનસભાને સંબોધન કર્યું હતું.

શ્રી વાઘાણીએ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસને દેશની ચિંતા નથી માત્ર વોટની જ ચિંતા છે, દેશનું જે થવું હોય તે થાય, કોંગ્રેસને કોઈ જ ફરક પડતો નથી. વિદેશથી ઈમ્પોર્ટ થયેલા નેતાઓ આજે ગુજરાતના પનોતા પુત્ર અને જેની રગ રગમાં રાષ્ટ્રવાદ છે એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રશ્નો પૂછવા નીકળ્યા છે. આદિવાસી ક્ષેત્રના ગરીબ માણસ માટે ભાજપાની સરકારે વિકાસના દ્વાર ખોલ્યા છે. ગુજરાતના છેવાડાના ગામ સુધી રોડ કનેક્ટિવિટી ભાજપાની સરકારે પહોંચાડી છે. આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે ૭૨ હજાર કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. રોડ-રસ્તા, આરોગ્ય માટેની સુવિધાઓ, સિંચાઇ અને પીવા માટે પાણી, વિજળી તથા ગટર જેવી પાયાની જરૂરિયાતો પણ કોંગ્રેસ વર્ષો સુધી પૂરી પાડી શકી નહોતી. આ બધી જ પાયાની જરૂરિયાતો ભાજપાની સરકારે ખૂબ જ ટૂંકા ગાળામાં ગામડાના માનવી માટે ઉપલબ્ધ કરાવી છે. કોંગ્રેસ જે વસ્તુ વિચારી પણ નથી શકતી તેવી યોજનાઓ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન પર લાવી કાર્યરત કરી દીધી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ ખોટું બોલીને, લાલચ આપીને, મતદારોને છેતરીને, મત મેળવવા માટે પ્રયાસો કરી રહી છે. દેશનો યુવા હોય, મહિલા હોય, પીડિત હોય, શોષિત હોય, ગરીબ હોય, આદિવાસી હોય, સવર્ણ હોય, કે અન્ય કોઈપણ સમાજનો કે વર્ગનો કે કોઈપણ ક્ષેત્રનો નાગરિક હોય, આજે નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




પોતાના જીવનસ્તરને બદલાતું જોઈ રહ્યો છે અને મહેસૂસ કરી રહ્યો છે. ''સૌના સાથ સૌના વિકાસ''ના ભાવ સાથે દેશનો પ્રત્યેક નાગરિક વિકાસરૂપી બુલેટ ટ્રેનમાં સવાર થઈ ચૂક્યો છે. કોંગ્રેસના જુઠ્ઠાણાંની હવે જનતા પર કોઈ અસર થવાની નથી.

જેમ અર્જુનના સારથી ભગવાન શ્રીકૃષ્ણ હતા એમ આજે ''માં ભારતી''ના સારથી શ્રી નરેન્દ્રભાઈ મોદી છે, ''માં ભારતી''ની સુરક્ષા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી મોતને હાથમાં લઈને આતંકવાદીઓને પડકારીને તેમનો સફાયો કરી રહ્યા છે. આતંકવાદ પર આવી મોટી કાર્યવાહી કરવા શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવી છપ્પનની છાતી જોઈએ, ગંગુતેલી જેવા નેતાઓ ના ચાલે. સામાજિક સમરસતાવાળુ ભારત બનાવવા, વૈભવશાળી ભારત બનાવવા, સુરક્ષિત અને સલામત ભારત બનાવવા, નવી પેઢીના સપનાનું ભારત બનાવવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુનઃ દેશનું સુકાન સોંપવું અનિવાર્ય છે. ભાજપાના સંકલ્પપત્રમાં નાના અને સીમાંત ખેડૂતો માટે ૬૦ વર્ષની ઉંમર પછી આજીવન પેન્શન આપવાની કટિબધ્ધતા દર્શાવવામાં આવી છે. ગુડ ગવર્નન્સ કોને કહેવાય એ ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી બતાવ્યું હતું અને આજે દેશ માટે અવિરતપણે આ કાર્ય કરી રહ્યા છે.

ભાજપાનો કાર્યકર સંગઠન, સંકલન, સમય અને યોગ્ય વ્યવસ્થાનો ઉપયોગ કરીને રાષ્ટ્રવાદી વિચાર અને જનસેવાના કાર્યોને જન-જન સુધી સુપેરે પહોંચાડવા પ્રતિબધ્ધ રહ્યો છે ત્યારે નવા ભારતના સંકલ્પ સાથે ફરી એકવાર શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને દેશનું સુકાન સોંપી દૈદિપ્યમાન ભારતના નિર્માણ માટે કમળને મત આપી પુરક અને સાક્ષી બનવાની કાર્યકર્તાઓ, શુભેચ્છકો તથા સમર્થકોને શ્રી વાઘાણીએ હાકલ કરી હતી.

વલસાડ લોકસભા બેઠક પર આવતી પારડી વિધાનસભાના સુખેસ ગામે આયોજીત જનસભામાં ભાજપાના ઉમેદવાર ડૉ. કે.સી.પટેલ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, મંત્રીશ્રીઓ, સંગઠનના પદાધિકારીશ્રીઓ, સ્થાનિક અગ્રણીશ્રીઓ, બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ તથા સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૦૯.૦૪.૨૦૧૯

-----------

**ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વમાં ગુજરાત અને ભારત દેશના માન, સન્માન, ગૌરવનો ડંકો વગાડનાર શ્રી નરેન્દ્રભાઇ મોદી માટે કોંગ્રેસનાં નેતાનાં શબ્દો આઘાતજનક, અશોભનીય અને નિંદનીય છે. - શ્રી ભરત પંડયા**

-----------

**કોંગ્રેસની નેતાગીરીમાંથી હાંસીયામાં ફેકાઇ ગયેલા નેતાઓ પોતાનું અસ્તિત્વ બતાવવા માટે મીડિયામાં ચમકવા અમારા નેતાશ્રીને ગાળાગાળી કરીને જુઠા આક્ષેપો કરે છે - શ્રી ભરત પંડ્યા**

-----------

**વિશ્વ આખું પાકિસ્તાનના મુદે ભારતની પડખે ઉભુ રહ્યું છે, ત્યારે કોંગ્રેસ પાકિસ્તાનના પડખે ઉભા રહેવાની ચેષ્ટા કરીને આતંકવાદ તરફી અને દેશ વિરોધી તેમની માનસિકતા પ્રદર્શીત કરે છે. શ્રી ભરત પંડયા**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને વિશ્વના અનેક દેશોએ પ્રતિષ્ઠિત સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યાં છે, ત્યારે તેમના માટે આ પ્રકારની નિમ્ન સ્તરની ભાષા એ કોંગ્રેસના કુસંસ્કાર બતાવે છે. - ભરત પંડયા**

-----------

**કોંગ્રેસની ગાળાગાળી અને અને પાકીસ્તાન તરફી ભાષાનો ગુજરાતની તેમજ દેશની જનતા આગામી ચૂંટણીમાં જવાબ આપશે - શ્રી ભરત પંડ્યા**

-----------

પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઇ પંડ્યાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કોંગ્રેસની નેતાગીરીમાંથી હાંસીયામાં ફેકાઇ ગયેલા નેતાઓ પોતાનું અસ્તિત્વ બતાવવા માટે મીડિયામાં ચમકવા અમારા નેતાશ્રીને ગાળાગાળી કરીને જુઠા આક્ષેપો કરે છે.

કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડીયાએ ગુજરાતના પનોતાપુત્ર અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી માટે બેફામ ઉચ્ચારણો કરવા બદલ તીવ્ર પ્રતિક્રિયા આપતાં શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ માનસિક સંતુલન ગુમાવી રહી છે. કોંગ્રેસ પક્ષ પ્રજામાં જઇ શકતો નથી, અને કોંગ્રેસ ભારે હતાશામાં હોઇ અને પોતાની હાર ભાળી ચૂકી છે ત્યારે ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વમાં ગુજરાત અને ભારત દેશના માન, સન્માન, ગૌરવનો ડંકો વગાડનાર શ્રી નરેન્દ્રભાઇ મોદી માટે આવા શબ્દોનો ઉપયોગ આઘાતજનક, અશોભનીય અને નિંદનીય છે.

ગુજરાતને નર્મદા યોજના દ્વારા પાણી આપનાર અને ગુજરાત અને દેશના સર્વાંગી વિકાસમાં દેશને વિશ્વમાં સ્થાન અપાયું છે ત્યારે તેમના માટે આ પ્રકારના શબ્દો ગુજરાતનું તેમજ દેશનું અપમાન છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને વિશ્વના અનેક દેશોએ પ્રતિષ્ઠિત સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યા છે, ત્યારે તેમના માટે આ પ્રકારની નિમ્ન સ્તરની ભાષા એ કોંગ્રેસના કુસંસ્કાર બતાવે છે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે આતંકવાદનો સફાયો કરવાની નીતિઓ બનાવીને ભારતીય સેનાને છૂટો દોર આપીને આતંકવાદીઓના અડ્ડાઓ, ટ્રેનીંગ સેન્ટરો, આશ્રયો વગેરેનો એર સ્ટ્રાઇક કરી સફાયો કરાવ્યો છે, ત્યારે વિશ્વના દેશોમાં આ મુદે તેમની સરાહના થાય છે, અને પાકિસ્તાનને પણ આતંકવાદના મુદે રક્ષણ આપવાનું બંધ કરે તેવા નિવેદનો કરે છે ત્યારે કોંગ્રેસ પાકિસ્તાનની પડખે રહીને પાકિસ્તાન જવાબદાર નથી તેવા નિવેદનો કરીને પાકિસ્તાનની ભાષા બોલે છે.

વિશ્વ આખું પાકિસ્તાનના મુદે ભારતની પડખે ઉભુ રહ્યું છે ત્યારે કોંગ્રેસ પાકિસ્તાનના પડખે ઉભા રહેવાની ચેષ્ટા કરીને આતંકવાદ તરફી અને દેશ વિરોધી તેમની માનસિકતા પ્રદર્શીત કરી છે.

કોંગ્રેસની ગાળાગાળી અને અને પાકીસ્તાન તરફી ભાષાનો ગુજરાતની તેમજ દેશની જનતા આગામી ચૂંટણીમાં જવાબ આપશે. ગુજરાતની જનતા ભાજપાના લોકસભાની ચૂંટણીમાં ૨૬ કમળને વિજયી બનાવી શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરી એકવાર પ્રધાનમંત્રીપદે દેશ સેવા અને વિકાસ કાર્યો અર્થે સત્તારૂઢ કરશે તેવો વિશ્વાસ શ્રી પંડયાએ વ્યક્ત કર્યો છે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૦૯.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી અમિતભાઈ શાહને પ્રચંડ બહુમતીથી વિજય અપાવવા આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા લોકસંપર્ક રાઉન્ડ અને ગ્રુપ મીટિંગોનો ધમધમાટ.**

-----------

**સમગ્ર લોકસભા ક્ષેત્રમાં પ્રજાજનો દ્વારા મળી રહેલા પ્રચંડ સમર્થન અને બહોળા પ્રતિસાદથી શ્રી અમિતભાઈ શાહનો ઐતિહાસિક વિજય નિશ્ચિત છે**

-----------

ગાંધીનગર લોકસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા ક્ષેત્રના પ્રજાજનો શ્રી અમિતભાઈ શાહથી સૂપેરે પરિચીત છે અને ભૂતકાળમાં ગુજરાતે ભરેલી વિકાસની હરણફાળમાં અને ભાજપાની યશોગાથામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા રહ્યા છે.

લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન માટેનો દિવસ નજીક આવતો જાય છે ત્યારે ભાજપા દ્વારા ઘર-ઘર ચલો અભિયાન અંતર્ગત સ્થાનિક, શહેર અને પ્રદેશના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર લોકસભા ક્ષેત્રમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર હાથ ધરવામાં આવ્યો છે. આજે ગુજરાતમાં દરેક લોકસભા બેઠક પર ભાજપાના તમામ કાર્યકર્તાઓ સ્વયં નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઈ શાહ બનીને તમામ ૨૬ લોકસભા બેઠકો ભાજપાને ભેટ ધરવા કમર કસી છે. ગાંધીનગર લોકસભા બેઠક પર ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ સ્વયં ઉમેદવાર હોય ત્યારે તમામ કાર્યકર્તાઓનો ઉત્સાહ અને જોશ સ્વાભાવિક રીતે જ બમણો થઇ ગયો છે.

જુદા જુદા વિધાનસભા ક્ષેત્રોમાં લોકસંપર્ક રાઉન્ડ અને ગ્રુપ મીટીંગ યોજાઇ રહ્યા છે. આ તબક્કે છેલ્લા પાંચ વર્ષમાં ભાજપાની સરકાર દ્વારા હાથ ધરાયેલ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી ઘર-ઘર સુધી આ અભિયાન હેઠળ પહોંચાડાઇ રહી છે. આ સાથે તમામ પ્રજાજનો દ્વારા પણ ખૂબજ પ્રચંડ સમર્થન અને પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર જમીન સાથે જોડાયેલો કાર્યકર છે અને ભાજપાની સરકાર દ્વારા કરાયેલા પ્રજાહિતનાં કાર્યોની પત્રિકા લઈ જ્યારે સોસાયટીઓમાં કે નાની ગ્રુપ મિટિંગમાં પ્રજા વચ્ચે જાય છે ત્યારે ગર્વની લાગણી અનુભવે છે અને પ્રજા નો પ્રતિસાદ જોઈને એ નિશ્ચિત થાય છે કે શ્રી અમિતભાઈ શાહ રેકોર્ડબ્રેક બહુમતિ સાથે વિજય પ્રાપ્ત કરશે.

ગાંધીનગર લોકસભામાં આવેલા પેથાપુર, વાવોલ, સરઢવ, રૂપાલ, રાંધેજા જેવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ પ્રજાજનોએ અત્યારથી જ શ્રી અમિતભાઈ શાહને પોતાના સાંસદ સ્વીકારી લીધા હોય તેમ ઘરે-ઘરે ભાજપા નો ધ્વજ લહેરાવીને ભાજપામય વાતાવરણ બનાવી દીધું છે, કર્ણાવતી મહાનગરમાં પણ તમામ વિસ્તારોમાં આ પ્રકારનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ લોકસંપર્ક રાઉન્ડમાં પ્રભારીશ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, લોકસભાના ઇન્ચાર્જ શ્રી હર્ષદભાઈ પટેલ, લોકસભા સહઇન્ચાર્જ શ્રી આઇ.બી.વાઘેલા, પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વીજભાઈ પટેલ, કર્ણાવતી મહાનગરના પ્રમુખશ્રી જગદીશભાઈ પંચાલ, મહામંત્રીશ્રી, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી બિપિનભાઈ પટેલ, શ્રી હિતેશભાઈ બારોટ સહિતના અગ્રણીઓ, ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ સાથે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા. ૦૯.૦૪.૨૦૧૯

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવતીકાલે સવારે ૦૯.૦૦ કલાકે જુનાગઢ ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે સોનગઢ (વ્યારા) ખાતે જંગી જાહેરસભાને સંબોધશે.** - શ્રી ભરતભાઇ પંડ્યા

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ત્રીજા ચરણની ગુજરાતની લોકસભા ચૂંટણી અન્વયે ગુજરાતનો વિજળીવેગે પ્રવાસ ખેડવાના છે ત્યારે તેમને આવકારવા ગુજરાતના પ્રજાજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.** - શ્રી ભરતભાઇ પંડ્યા

-----------

**આગામી લોકસભા ચૂંટણી અન્વયે સમગ્ર ભારતમાં કેસરિયો માહોલ પ્રસરી રહ્યો છે**
- શ્રી ભરતભાઇ પંડ્યા

-----------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું છે કે, ગુજરાતના પનોતા પુત્ર માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૧૯ને બુધવારના રોજ ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જંગી જાહેર સભાઓને સંબોધશે.

આગામી લોકસભા ચૂંટણી અન્વયે સમગ્ર ભારતમાં કેસરિયો માહોલ પ્રસરી રહ્યો છે ત્યારે ભારતભરમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરી રહેલા આપણા ગુજરાતના પનોતા પુત્ર અને તાજેતરમાં જ યુએઈ દ્વારા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ "ઝાયેદ"થી સન્માનીત થયેલ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ત્રીજા ચરણની ગુજરાતની લોકસભા ચૂંટણી અન્વયે ગુજરાતમાં વિજળીવેગે પ્રવાસ ખેડવાના છે. આપણાં લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રીને આવકારવા ગુજરાતના પ્રજાજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના આ ચૂંટણી પ્રવાસ સંદર્ભે સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને દક્ષિણ ગુજરાતમાં સોનગઢ ખાતેથી ભાજપાના ઉમેદવારોને જીતાડવા મતદારોને અપીલ કરશે.

## લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૦૯.૦૦ કલાકે | જુનાગઢ લોકસભા સીટ (જાહેર સભા)<br>સ્થળ કૃષિ યુનિવર્સિટી, રમતગમત મેદાન, જુનાગઢ |
| | બપોરે ૧૨.૦૦ કલાકે | બારડોલી લોકસભા સીટ (જાહેરસભા)<br>સોનગઢ (વ્યારા) |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


<u>પ્રેસનોટ-૦૬</u> <u>તા. ૦૯.૦૪.૨૦૧૯</u>

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ **પ્રભારીશ્રી ઓમ માથુરજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, પ્રસિધ્ધ હાસ્ય કલાકાર શ્રી રાજુ શ્રીવાસ્તવ** ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## ગુજરાતના લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમ માથુરજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૧૨.૦૦ કલાકે | બારડોલી લોકસભા સીટ સોનગઢ (વ્યારા) ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની જાહેરસભામાં ઉપસ્થિત |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | સુરત અને નવસારી લોકસભાના ઉમેદવારો સાથે મીટીંગ |

## ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૧૨.૦૦ કલાકે | બારડોલી લોકસભા સીટ સોનગઢ (વ્યારા) ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની જાહેરસભામાં ઉપસ્થિત |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | આણંદ લોકસભા સીટ પ્રબુધ્ધ નાગરિક સંમેલન (સ્થળ – જી.આઇ.ડી.સી. હોલ, વિઠ્ઠલ ઉદ્યોગનગર, વિદ્યાનગર, જિ. આણંદ) |
| | સાંજે ૦૬.૪૫ કલાકે | પંચમહાલ લોકસભા સીટ જાહેર સભા (સ્થળ- મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે, ડાકોર) |
| | રાત્રે ૦૮-૩૦ કલાકે | આણંદ લોકસભા સીટ જાહેરસભા (સ્થળ – ધર્મશાળા પાસે, વાસદ) |

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સાંજે ૦૯.૦૦ કલાકે | જુનાગઢ લોકસભા સીટ (જુનાગઢ ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની જાહેરસભામાં ઉપસ્થિત) |
| | સાંજે ૧૨.૦૦ કલાકે | જુનાગઢ લોકસભા સીટ (જુનાગઢ શહેર સંગઠન સાથે મીટીંગ) |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | જામનગર લોકસભા સીટ - જાહેરસભા (સ્થળ – રણજીતનગર, પ્રણામી સંપ્રદાય, જામનગર) |

## કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સાંજે ૦૬.૩૦ કલાકે | ભરૂચ લોકસભા સીટ જાહેર સભા, સ્થળ- આમલેશ્વર, તા. વાગરા, જિ. ભરૂચ |
| | રાત્રે ૦૮.૩૦ કલાકે | વડોદરા લોકસભા સીટ જાહેર સભા, સ્થળ - સપ્તપદી પાર્ટી પ્લોટ, મુ.પો.છાણી,તા.જિ વડોદરા |
| | રાત્રે ૦૯.૨૦ કલાકે | વડોદરા લોકસભા સીટ જાહેર સભા, સ્થળ- અંબિકા પાર્ટી પ્લોટ, કોયલી, વડોદરા. |

## પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૧૨.૦૦ કલાકે | બારડોલી લોકસભા સીટ સોનગઢ (વ્યારા) ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની જાહેરસભામાં ઉપસ્થિત |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | સુરત અને નવસારી લોકસભાના ઉમેદવારો સાથે મીટીંગ |

## હાસ્યકલાકાર શ્રી રાજુ શ્રીવાસ્તવનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૧૧.૦૦ કલાકે | અમદાવાદ પશ્ચિમ લોકસભા સીટ જાહેરસભા, સ્થળ- વૈભવ હોલ, ઘોડાસર હાઇવે ચોકડી, |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | બનાસકાંઠા લોકસભા સીટ જાહેરસભા, સ્થળ- ગુરૂનાનક ચોક, પાલનપુર, જિ. બનાસકાંઠા |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | બનાસકાંઠા લોકસભા સીટ જાહેરસભા, સ્થળ- રીસાળા મહાદેવ, ડીસા, જિ. બનાસકાંઠા |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ